પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૮૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૦-૦૭-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બંગાળની જેમ ગુજરાતમાં રોકડની રેલમછેલ

## અમદાવાદમાં ચિરીપાલ જૂથ પરઆવકવેરાના દરોડામાં ૨૫ કરોડ રોકડા અને ૧૫ કરોડનું ઝવેરાત મળ્યું

અમદાવાદ,

આવકવેરા વિભાગે ચિરીપાલ જૂથ પર અમદાવાદ સહિત રાજ્યનાં ૪૫ સ્થળે દરોડા પાડ્યા હતા. આવકવેરા જૂથને આ દરોડામાં ૮૦૦ કરોડના બેનામી આર્થિક વ્યવહારો મળ્યા છે. આ તપાસમાં અત્યારસુધીમાં ૨૫ કરોડ રોકડા તેમજ ૧૫ કરોડનું ઝવેરાત મળ્યું છે. આ ઉપરાંત ૨૦ બેંક લોકર પણ મળી આવ્યાં છે. આ ઉપરાંત મોટા પ્રમાણમાં ડિજિટલ ડેટા મળ્યો છે. આને પગલે વર્તમાન બેનામી વ્યવહારોનો આંકડો ૮૦૦ કરોડને પણ વટી જાય એવી સંભાવના છે.


કોલકાતામાં ED


અમદાવાદમાં IT

આવકવેરા વિભાગે ટેક્સટાઈલ, પેકેજિંગ, કેમિકલ અને સોલર સાથે સંકળાયેલા ચિરીપાલ જૂથને ત્યાં દરોડા પાડ્યા હતા. નવ દિવસથી ચાલી રહેલી તપાસમાં કામગીરીમાં અધિકારીઓએ ફેક્ટરી, બંગલોઝ, ઓફિસ અને કર્મચારીઓનાં કેટલાંક ઠેકાણે પણ તપાસ કરી હતી. એમાં અનેક પ્રકારના ડોક્યુમેન્ટ, માલનો સ્ટોક વગેરે મળ્યા હતા. એનું સતત એક સપ્તાહ સુધી સ્કેનિંગ સુધી ચાલ્યું હતું. ઓફિસના કોમ્પ્યુટર અને લેપટોપ વગેરે સ્કેન કરવામાં આવ્યાં હતાં. એના આધારે અધિકારીઓએ ૮૦૦ કરોડ રૂપિયાના બિનહિસાબી વ્યવહારો શોધી કાઢ્યા હતા.

### ૮૦૦ કરોડ રૂપિયાના બિનહિસાબી વ્યવહારો શોધી કાઢ્યા

આ ઉપરાંત મળેલા ડિજિટલ દસ્તાવેજોની એફએસએલના અધિકારીઓ દ્વારા ચકાસણી કરવામાં આવી રહી છે. આ તપાસ સાથે સંકળાયેલાં સૂત્રો કહે છે કે જે ડોક્યુમેન્ટ મળ્યા છે એમાં કેટલાક વ્યવહારો અંડરબિલિંગ છે. એમાં પણ ખાસ કરીને જે ધંધાકીય સેલ છે એમાં અંડરબિલિંગ કરાયું છે. અંડરબિલિંગ એટલે માલ વેચાયો એનું ઓછી રકમનું બિલિંગ કરાતાં ઓછો ટેક્સ ભરવો પડે છે.આ તપાસમાં ગ્રુપના રિયલ એસ્ટેટનાં રોકાણોમાં પણ બેહિસાબી આવક મળી હતી.


અધિકારીઓ કહે છે કે અનેક સોદા બતાવાયા નથી. હવે તેઓ એ ચકાસી રહ્યા છે કે આ રોકાણો કોના નામે છે. આ કાર્યવાહી બેનામી મિલકતની ખરીદી તરફ જઈ શકે છે. અગાઉ ૨૦ લોકર ટાંચમાં લેવાયાં હતાં, જે હવે બેથી ત્રણ દિવસમાં ઓપરેટ કરશે. અત્યારસુધી રોકડ અને જ્વેલરી મળી કુલ ૪૦ કરોડની મત્તા સીઝ કરાઈ છે. રોકડ બેંકમાં જમા કરાવી દેવાઈ છે. હવે લોકરમાંથી શું મળે છે એના પર નજર છે. આમ, કાર્યવાહી ચાલુ છે ત્યારે આ આંકડો વધારે મોટો થાય તોપણ કોઈને નવાઈ નહીં લાગે.

શિક્ષક ભરતીકૌભાંડને લગતા કેસમાં પશ્ચિમ બંગાળના મંત્રી પાર્થ ચેટર્જીના નજીકના સંબંધીના ઘરે દરોડા પાડ્યા છે. શુક્રવારે ઈડીએ પાડેલા આ દરોડમાં તેણે રૂપિયા ૨૦ કરોડની રોકડ જપ્ત કરી હતી. ઈડીને આશંકા હતી કે આ નાણાં એસએસસી કૌભાંડમાં કમાણી કરેલાં છે. ઈડી અધિકારીઓએ રૂપિયા ૫૦૦ તથા રૂપિયા ૨૦૦૦ની નોટો ગણવા માટે કાઉન્ટિંગ મશીન મગાવવા પડ્યાં હતાં. અર્પિતાના ઘરેથી ૨૦થી વધારે મોબાઈલ ફોન પણ મળ્યા છે. ઈડીએ પશ્ચિમ બંગાળ સ્કૂલ સેવા આયોગ તથા પશ્ચિમ બંગાળ પ્રાથમિક શિક્ષણ બોર્ડમાં ભરતી કૌભાંડને લગતા કેસમાં અનેક જગ્યા પર દરોડા પાડ્યા છે. મંત્રી ચેટર્જી સહિત શિક્ષણ રાજ્યમંત્રી પરેશ સી. અધિકારી, ધારાસભ્ય માણિક ભટ્ટાચાર્યનાં રહેઠાણો પર પણ દરોડા પાડવામાં આવ્યા છે.

## આજથી શ્રાવણ માસની શરૂઆત, વહેલી સવારથી જ શિવાલયોમાં જામી ભક્તોની ભીડ

અમદાવાવાદ,

હિંદુ ધર્મના લોકો વર્ષના ૧૨ મહિના સુધી કોઈને કોઈ તહેવાર ઉજવે છે. પરંતુ ધાર્મિક ગ્રંથોમાં શ્રાવણ મહિનો સૌથી ખાસ ગણવામાં આવે છે. આ વર્ષે શ્રાવણ મહિનાની શરૂઆત ૨૯ જુલાઈ એટલે કે આજથી થઈ રહી છે. આજથી શરૂ થયેલા શ્રાવણ માસની શરૂઆતમાં જ લોકોની શિવાલયોમાં ભારે ભીડ જામી છે. આજથી શિવમંદિરો બમ બમ ભોલેના નાદથી ગૂંજી ઉઠ્યા છે. શિવજીના પ્રિય તેવા માસમાં ભક્તો દ્વારા વિવિધ અભિષેક અને બિલિપત્ર અર્પણ કરવામાં આવી રહ્યા છે. શિવશંકરની આરાધના અને જલાભિષેક કરી રહ્યાં છે.




આ મહિનાને ભોલેનાથનો પ્રિય મહિનો કહેવામાં આવે છે. તેથી શિવભક્ત શ્રાવણ મહિનામાં તેમનો અભિષેક કરે છે. આ મહિનામાં ભોલેશંકરની પૂજા કરવી, કાવડ ચઢાવવું, રુદ્રાભિષેક કરવો, શિવ નામનો જાપ કરવો, જ્યોર્તિલિંગના દર્શન કરવા અત્યંત શુભ માનવામાં આવે છે. જોકે, ગત વર્ષે કોરોના મહામારીના લીધે શિવાલયોમાં ભક્તોની ભીડ ઓછી જોવા મળી હતી. પરંતુ આ વખતે કોરોનાના કેસ ઘટતા ભાવિક ભક્તો વહેલી સવારથી જ દર્શન માટે ઉમટી પડ્યા છે. શ્રાવણ મહિનાના પહેલા સોમવારે શિવશંકરની આરાધના અને જલાભિષેક કરી રહ્યાં છે.

સોમનાથ મહાદેવ મંદિર ખાતે શ્રાવણ મહિનાના પહેલા જ દિવસે ભારે ભીડ જોવા મળી છે. ગુજરાત માં આવેલું આ એકમાત્ર જ્યોર્તિલિંગ છે, તેથી તેનું શ્રાવણ મહિનામાં મહત્વ વધી જાય છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરે ભાવિકોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. સમગ્ર જામનગર સહિત હાલાર પંથક ભગવાન ભોળેનાથની ભક્તિમાં લીન થયું હોય તે પ્રકારનો માહોલ આજ સવારથી જ જામનગર શહેર અને જિલ્લામાં ઠેર-ઠેર શિવાલયોમાં જોવા મળી રહ્યો હતો. શહેરમાં આજે વહેલી સવારથી કાશી વિશ્વનાથ મહાદેવ સહિતના મંદિરોમાં ભક્તોની લાંબી લાંબી કતારો જોવા મળી હતી. જામનગરમાં ઐતિહાસિક અને પૌરાણિક સહિતના નાના-મોટા હજારોની સંખ્યામાં ભગવાન શિવના મંદિરો આવેલા છે જેથી જામનગરને છોટી કાશીનું બિરુદ પણ મળ્યું છે. છોટી કાશી જામનગરમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ શ્રાવણ માસના પ્રારંભથી જ સમગ્ર હાલાર પંથકમાં ભક્તિમય વાતાવરણ જોવા મળી રહ્યું છે. જામનગર શહેરના ઐતિહાસિક અને પૌરાણિક એવા સિધ્ધનાથ મહાદેવ મંદિર તેમજ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર અને ભીડભંજન મહાદેવ મંદિર સહિતના શિવાલયોમાં ભગવાન ભોલેનાથને રિઝવવા સવારથી જ ભક્તોએ કતારો લગાવી હતી. અમદાવાદ શહેરમાં આવેલા શિવ મંદિરો જેવા કે ચકલેશ્વર મહાદેવ,નિર્ણયનગર ખાતે આવેલા સોમેશ્વર મહાદેવ,નિલકંઠ મહાદેવ સહિતના શિવ મંદિરોમાં સવારથી જ ભકતોની ભીડ જામી હતી.ભકતોએ શિવલીગ પર વિવિધ પ્રકારનો અભિષેક કર્યો હતો.

## રાજસ્થાનના બાડમેરમાં સેનાનું મિગ-૨૧ વિમાન ક્રેશ, બે પાયલટ શહીદ

બાડમેર,

રાજસ્થાનના બાડમેરમાં વાયુ સેનાનું એક લડાકૂ વિમાન મિગ ક્રેશ થઈ ગયું છે. મિગ ક્રેશ થયા બાદ કાટમાળમાં આગ લાગી ગઈ છે. ઘટનાસ્થળ પર તંત્રની ટીમ રવાના થઈ ગઈ છે. મિગ ક્રેશ થયા બાદ ૧ કિલોમીટર સુધી કાટમાળ વિખેરાયેલો પડ્યો છે. આ વિમાન બાયતૂ પોલીસ સ્ટેશન વિસ્તારના ભીમડા ગામમાં ક્રેશ થયું છે. આ દુર્ઘટનામાં બંને પાયલટોના મોત થયા છે. સરહદી બાડમેર જિલ્લામાં ગુરૂવારે રાત્રે ભારતીય વાયુસેનાનું લડાકૂ વિમાન મિગ ૨૧ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. જિલ્લા કલેક્ટર લોકબંધુ યાદવે જણાવ્યુ કે ઘટના જિલ્લાના બાયતૂ પોલીસ સ્ટેશન હેઠળ આવતા ભીમડા ગામની પાસે બની જ્યાં થોડે દૂર વિમાન ક્રેશ થયા બાદ જમીન પર પડી ગયું અને તેમાં આગ લાગી હતી. તેમણે જણાવ્યું કે, અત્યાર સુધીની માહિતી પ્રમાણે વિમાનમાં બે પાયલટ સવાર હતા, જેના મૃત્યુ થઈ ગયા છે. ઘટનાની માહિતી મળ્યા બાદ તંત્રની ટીમ બચાવ કામગીરી માટે તત્કાલ રવાના થઈ હતી. રક્ષામંત્રી રાજનાથ સિંહે લડાકૂ વિમાનના દુર્ઘટનાગ્રસ્ત થવા પર ભારતીય વાયુ સેના પ્રમુખ એર ચીફ માર્શલ વીઆર ચૌધરી સાથે વાત કરી છે. વાયુ સેના પ્રમુખે તેમને ઘટના વિશે વિસ્તારથી જાણકારી આપી છે. મિગ એમઆઈ-૨૧ બાઈસન વિમાનને ભારતીય વાયુસેનાએ ૧૯૬૦ના દાયકામાં સામેલ કરવાનું શરૂ કર્યું હતું. ભારતીય વાયુ સેનાએ પાછલા કેટલાક વર્ષોમાં વિવિધ દુર્ઘટનામાં ઘણા મિગ-૨૧ વિમાન અને અન્ય વિમાન ગુમાવ્યા છે. વર્તમાનમાં ભારતીય વાયુસેનાની પાસે મિગ-૨૧ બાઈસનના લગભગ ૭ સ્કવાડ્રન છે અને એક સ્કવાડ્રનમાં લગભગ ૧૮ વિમાન હોય છે.




## જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદથી પૂરની સ્થિતિ, પૂંછમાં બચાવ કામગીરી પુરજોશમાં

શ્રીનગર,

દેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ અને પૂરના કારણે તબાહી સર્જાઈ રહી છે. ઘણા રાજ્યોમાં પૂરના કારણે જનજીવન અસ્તવ્યસ્ત છે. આકાશમાંથી પર્વતથી ખેતર સુધી આફત વરસી રહી છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઘણા ભાગોમાં વરસાદ સમસ્યા બની ગયો છે. હિમાચલ, પંજાબ અને હરિયાણામાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ભારે વરસાદ બાદ જમ્મુ-કાશમીરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે ત્યાંના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

જમ્મુ અને કાશ્મીરના અખનૂરમાં ચિનાબ નદી બધું લેવા માટે બેતાબ દેખાતી હતી. ખતરાના નિશાન પર વહેતી આ નદી આસપાસના વિસ્તારોને ડુબાડી દેશે તેવું જોવામાં આવ્યું હતું. નદીનું પાણી મંદિરમાં પ્રવેશ્યું. અહીના કેટલાક મકાનો પણ તેની જેડી હેઠળ આવી ગયા છે અને પાણીમાં ધોવાઈ જવાનો ભય યથાવત છે.

જમ્મુના અન્ય વિસ્તારો પણ ભારે વરસાદ સામે લાચાર દેખાતા હતા. જમ્મુમાં ઉદયવાલામાં ભારે વરસાદ બાદ પૂર આવ્યું હતું અને જેઓ અટવાયા હતા તેઓ જ્યાં હતા ત્યાં જ અટવાયા હતા. સરકારી શાળાના બાળકો પાણીમાં તણાઈ ગયા હતા.કોઈ રીતે શિક્ષકો અને બાળકોનો બચાવ થયો હતો. પાણીના જોરદાર પ્રવાહ વચ્ચે એકબીજાનો હાથ પકડીને લોકો પાણી પાર કરતા જોવા મળ્યા હતા. એવો કોઈ વિસ્તાર બાકી ન હોવો જોઈએ જ્યાં પાણી પ્રવેશ્યું ન હોય. ત્યાંના રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા.

પૂંછમાંથી પણ પૂરમાં ફસાયેલા લોકોને બચાવવાની એક ભયાનક તસવીર સામે આવી છે, જ્યાં ૨૭ અને ૨૮ જુલાઈની વચ્ચેની રાત્રે આર્મીના જવાનોએ પૂર સામે લડી રહેલા લોકોને બચાવ્યા હતા. નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી હતી, તેથી મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નદીની બંને બાજુ દોરડા બાંધવામાં આવ્યા હતા, ત્યારબાદ સેનાના જવાનોએ પાણીના જોરદાર પ્રવાહમાંથી લોકોને બહાર કાઢ્યા હતા. કહુવામાં પણ વરસાદ ત્યાંના લોકો પર આફત બનીને તૂટી પડ્યો હતો. નેશનલ હાઈવે પર પાણી ફરી વળ્યા હતા. તે જ સમયે, ગાંદરબલમાં ભારે વરસાદ બાદ જમીન સરકી જવાની ઘટના બની હતી.આ ઘટનાને કારણે શ્રીનગર-લેહ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

નિનામા સવિતાબેન કનકસિંહ

તરફથી અભીનંદન....

મુ. પાડલીયા, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

લબાના ઉદેસિંહ ઓમસિંહ

તરફથી અભીનંદન....

મુ. મછેલાઈ-પસાયતા ફળિયું, તા. લીમખેડા, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર નગરપાલિકા ટાઉન હોલ ખાતે ઉજ્વલ ભારત, ઉજ્વળ ભવિષ્ય અંતર્ગત વીજળી મહોત્સવ યોજાયો

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના સંતરામપુર નગર પાલિકા ટાઉન હોલ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઉજ્વલ ભારત, ઉજ્વલ ભવિષ્ય વીજળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષસ્થાને તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ રમીલબેન ડામોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. સરકારની વિદ્યુતક્ષેત્રની અભૂતપૂર્વ સિદ્ધિઓને જન–જન સુધી પહોંચાડવા માટે વીજળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આ પ્રસંગે મંત્રી કુબેરભાઈએ જણાવ્યું હતું કે, રાજ્યનો ખેડૂત સિંચાઈ માટે વીજળીથી વંચિત ન રહે તેમજ તેમને પૂરતા વીજ દબાણથી સાતત્યપૂર્ણ વિજ પુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂતોને અનેકવિધ સુવિધાઓ અને યોજનાઓ સાથે સાંકળીને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા પ્રતિબદ્ધ છે. સરકારની વિવિધ ઉર્જા ક્ષેત્રની યોજનાઓ જેવી કે સોલર રૂફટોપ યોજના, જ્યોતિગ્રામ યોજના વગેરે યોજનાઓનો લોકોએ લાભ લેવા અધ્યક્ષએ અનુરોધ કર્યો હતો.

વધુમાં મંત્રીએ જણાવ્યું કે સુંદર વિતરણ વ્યવસ્થા આપણે ત્યાં છે સરકાર હવે રિન્યુએબલ એનજીર્ને પ્રાધાન્ય આપી રહી હોવાનું ઉમેર્યું હતું. મંત્રીએ વધુમાં ઉર્જાના રિન્યુએબલ સ્ત્રોતોનો ઉપયોગ કરી પર્યાવરણની રક્ષા કરવા અને સરકાર દ્વારા સોલર પેનલ લગાવવા સબસિડી આપવામાં આવે છે તેનો મહત્તમ લાભ લઈ વીજળીની બચત કરવા નાગરિકોને અપીલ કરી હતી. સરકારે વીજ વિતરણનું માળખું મજબૂત અને ડિજિટલ બનાવ્યું છે. કોઈપણ વિસ્તારમાં ફોલ્ટ સર્જાય તો તેને સરળતાથી શોધીને મિનિટોમાં તેનું નિવારણ લાવી શકાય એવી વ્યવસ્થા આજે ઉપલબ્ધ છે. ગુજરાતના એક છેડાથી ઉત્પન્ન થયેલી વીજળી આપણે ગુજરાતના બીજા છેડે મોકલી રહ્યા છીએ.

આ પ્રસંગે જિલ્લા પચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ૨૪ કલાક વીજળી આપવાનો સંકલ્પ કર્યો હતો. આજે ગુજરાતના ગામડે–ગામડે વીજળી મળી રહી છે. સરકાર હંમેશા લોકોની સુખાકારી માટે કાર્યરત છે અને તેના લીધે જ સુવિધાયુક્ત વીજમાળખું ગુજરાતમાં શક્ય બન્યું છે. વીજળી વિભાગના કર્મચારીઓ રાત દિવસ મહેનત કરીને લોકોને ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ કરાવી રહ્યા છે. વીજળી આવવાના લીધે ગામડાના ગરીબોને પણ રોજગારીનો અવસર મળ્યો છે. વીજળીના લીધે ઉદ્યોગો ગુજરાતના ખૂણેખૂણે વિકસ્યા છે. આપણે વીજ ઉત્પાદનમાં એક એવો રેકોર્ડ ઉભો કર્યો છે.

આ કાર્યક્રમ દરમિયાન વિદ્યુતક્ષેત્રની વિવિધ રાજ્યોની પ્રગતિને દર્શાવતી ટૂંકી ફિલ્મો સૌને દર્શાવવામાં આવી હતી. મહીસાગર જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૩૧૨ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રૂા. ૧૦૭ કરોડના ખર્ચે ૧૦૭૧૩ નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે. કિસાનોને સમયસર વીજળી મળી રહે તે માટે ખેતીવાડી લાઇન માટે નવા ૨૨ ફીડરો નાંખવામાં આવ્યા. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૨૧૦૧૦ નવા ઘર વપરાશ માટેના વીજ જોડાણ આપવામાં આવ્યા. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૬૬ કે.વી.ના નવા સાત સબ સ્ટેશન તૈયાર કરવામાં આવ્યા. આજ રીતે ૭૦૫૧ નવીન ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવ્યા. જ્યારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન જિલ્લામાં રૂા. ૨૧૯.૨૫ લાખના ખર્ચે નડતરરૂપ વીજલાઇનો ખસેડવામાં આવી.

આ કાર્યક્રમમાં કલેકટર ડો.મનીષકુમાર, અધિક્ષક ઈજનેર એન.એ શાહ,કાર્યપાલક ઈજનેર ડી.પી.મોદી, સહિત પદાધિકારીઓ, અધિકારીઓ, સરપંચઓ અને ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા ખાતે કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો



લુણાવાડા,
દીનદયાળ અંત્યોદય યોજના અને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સ્વસહાય જુથો માટે સી.આઈ.એફ અને કેશ ક્રેડિટ કેમ્પ ૪૨ પાટીદાર સમાજઘર ખાતે યોજાયો હતો. ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની મહિલાઓને સ્વસહાય જુથોમાં સંગઠીત કરી તેઓને બચત તથા બેંકો સાથે જોડી વધુ ધિરાણ આપી એક સુવ્યવસ્થિત પ્રક્રિયા દ્વારા કૌશલ્યવર્ધન તાલીમ અને માર્કેટીંગ સાથે જોડાણ કરી સખી મંડળની બહેનોને આર્થિક રીતે પગભર કરવા કેશ ક્રેડિટ આપવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર અદયક્ષ સ્થાને અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લાના ૩૦૭ સ્વ સહાય જૂથ સખીમંડળની બહેનોને વિવિધ યોજના અંતર્ગત રૂા.૨૭૩.૯૦ લાખના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે જણાવ્યું હતું કે, આજે મહિલાઓ માત્ર ઘર નથી ચલાવતી મહીલાઓ સરપંચ, આગંણવાડીમાં, જિલ્લા પંચાયત જેવા દરેક ક્ષેત્રમાં આગળ છે. જિલ્લાની બહેનોને પગભર કરવા સરકાર દ્વારા વિવિધ યોજનાઓ ચાલે છે તથા તેમને નાણાકીય મદદ પહોચે તે જરૂરી છે. આ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સતત પ્રયત્નશીલ છે. મિશન મંગલમ સ્વ સહાય જુથોને બેંકમા કોઈપણ પ્રકારની મુશ્કેલી ના પડે તે માટે બેંકસખી બહેનો દ્વારા મદદ લેવા આહવાન કર્યું હતું.સરકારની ઉજવલા યોજના થકી બહેનોને ધુમાડા માંથી મુકત કરી છે.

આ પ્રસંગે ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે પ્રાંસગીક ઉદબોધનમાં જણાવ્યું હતુ કે, સ્વસહાય જુથની મહિલાઓ સ્વાવલંબી બને, આજીવિકામાં વધુ સુધારો આવે અને ગરીબીમાંથી બહાર આવે એ હેતુથી 'રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન યોજના'ની શરૂઆત કરવામાં આવી છે.

જિલ્લા કલેકટર ડો. મનીષકુમારે મહીલા લક્ષી વિવિધ યોજનાઓની જાણકારી આપી તેનો લાભ લઈ આગણ આવવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.કે.જાદવ, તેમજ લાઈવલી હુડ મેનેજર એચ.એ હજુરીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે જિલ્લા પંચાયત પ્રમુખ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સખીમંડળની બહેનોની સ્ટોલની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી કે.ડી લાખાણી, તાલુકા વિકાસ અધિકારી ચૌહાણ સહીત મોટી સંખ્યામા સખીમંડળની બહેનોની ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસીનોરના સલિયાવાડી સરપંચ દ્વારા દેશી દારૂના અડ્ડાઓ બંધ કરવા પોલીસ મથકે લેખિત રજુઆત

બાલાસીનોર,
બાલાસીનોર તાલુકાના સલિયાવાડી ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ગામમાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ બંધ કરવામાં આવે તેવી બાલાસીનોર પોલીસ મથકે લેખિત રજુઆત કરાઈ.

ગુજરાત રાજ્ય બનેલ કથિત લઠ્ઠાકાંડના બનાવ બાદ ગ્રામ્ય વિસ્તારોમાં થતાં દેશી દારૂના વેચાણને રોકવા માટે જાગૃતતા આવી છે. ત્યારે બાલાસીનોર તાલુકાના સલિયાવાડી ગામના સરપંચ દ્વારા તેમના ગામમાં ચાલતાં દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે અને ગામ સહિત બહારના લોકો દારૂ પીવા માટે આવતા હોય છે. ત્યારે સલિયાવાડી ગામમાં સાંજે ૫ વાગ્યા પછી પેટ્રોલીંગ કરવામાં આવે તેમજ દેશી દારૂના અડ્ડાઓ કાયમી ધોરણે બંધ કરવામાં આવે તેવી માંગ સાથે સરપંચ દ્વારા બાલાસીનોર પોલીસ મથકે લેખિત રજુઆત કરાઈ.

# સંતરામપુર હરસિધ્ધિ સોસાયટી લોનની ચુકવતા ૬ માસ સજાનો હુકમ કરતી કોર્ટ

સંતરામપુર,
સંતરામપુર હરસિધ્ધિ સોસાયટીના લોન પેટે નાણાના ચૂકવતા છ માસની સજા અને ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનો કોર્ટે હુકમ કર્યો. સંતરામપુર હરસિધ્ધિ સોસાયટીમાં સંતરામપુર તાલુકાના સરસ્વા ગામના ખાંટ ભારત ગિરવતસિંહને સોસાયટીમાંથી ધિરાણ આપવામાં આવેલું હતું. પરંતુ આજ દિન સુધી એક પણ રૂપિયો લોન પેટે અને વ્યાજ પેટે રકમ ન ચૂકવતા હર્ષદી સોસાયટીના મેનેજર અને ચેરમેને પોતાની પાસે રાખેલા સિક્યુરિટીના ચેકો કોર્ટમાં ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવેલી હતી. કોર્ટ માંથી વોરંટ કાઢીને આરોપી ખાંટ ભારતને કોર્ટમાં રજૂ કરવામાં આવેલો હતો. સંતરામપુર એડિશનલ કોર્ટમાં જ આપવામાં આવેલું કે અને હુકમ કરવામાં આવેલો કે ખાંટ ભરતસિંહ છ મહિના જેલની સજા કરવામાં આવી અને રૂા. ૫૦,૦૦૦ રકમ વસૂલ કરવા માટેનું હુકમ કરેલો નાણાં ન ચૂકવતા સોસાયટીના કોટે સજા ફટકારી હતી.

# રતનપુર સર્વોદય વિનય મંદિર હાઈસ્કૂલમાં સાયબર કાઈમ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો




કાંકણપુર,
ગોધરા તાલુકાના રતનપુર(કાં)ગામે સોશિયલ મીડિયા સાયબર કાઈમ જનજાગૃતિ કાર્યક્રમનું પંચમહાલ જિલ્લાના સાયબર કાઈમ વિભાગ અને રતનપુર હાઈસ્કુલ સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના જમાનામાં તમામ પ્રકારની ઓનલાઈન સેવાઓ મળી રહે તે મુજબ સેવાઓ આપવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મથી હવે બાળકો પણ સુરક્ષિત નથી સ્માર્ટફોનથી બાળક ક્યાં, ક્યારે અને શું ગ્રહણ કરે છે. તેની દેખરેખ રાખવી ખુબજ પડકાર જનક છે. તેમાં બાળકોને પોને કન્ટેન્ટ થી બચાવવા માટે બાળકોને સોશિયલ મીડિયાથી સુરક્ષિત રાખવા સાયબર સુરક્ષા પોલીસ વિભાગ દ્વારા સૂચન કર્યું હતું. બાળકો ઓનલાઈન માધયમથી પોને કન્ટેન્ટ હાનિકારક અથવા ગાફિક વેબસાઈટ સુધી પહોંચી શકે છે. ડિજિટલ ડિસ્પ્લે દ્વારા ટુંકી ફિલ્મ બતાવીને જાગૃતી આપવામાં આવી. શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર પોલીસની બાજનજર ૨૪ કલાક રહેલી છે. પંચમહાલ જિલ્લાના પોલીસ વિભાગ પીએસઆઈ. સી.ડી.ગોસાઈ, યોગેશભાઈ વાઘેલા તેમની ટીમ આચાર્ય ભાટિયા, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

# હાલોલ શાકમાર્કેટ વિસ્તારમાં ઉભરાતી ગટરોથી રાહદારીઓ ગૃહિણીઓ પરેશાન

હાલોલ,
હાલોલ નગરના ભરચક વિસ્તાર એવા શાકમાર્કેટ વિસ્તારમાં ઉભરાતી ગટરને કારણે આખા શાકમાર્કેટમાં પાણી ફરી રહ્યા છે. જેને લઈ શાકભાજી વેચવા માટે ઉભેલા ફેરીયાઓ તેમજ શાકભાજી ખરીદવા માટે આવતી મહિલાઓ તેમજ રાહદારીઓને આવા ગંદા પાણીમાંથી પસાર થવુ પડતુ હોવાને કારણે ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

હાલોલના શાકમાર્કેટમાં છેલ્લા ઘણા દિવસથી આ વિસ્તારમાંથી પસાર થતી ગટર લાઈન નિયમિત રીતે સફાઈ ન થતી હોવાના કારણે તેમજ વહીવટી તંત્રની નિષ્કાળજીને લઈ આ ગટરના ઢાંકણાઓમાંથી છેલ્લા ઘણા દિવસથી પાણી નીકળી આખા રોડ પરથી પસાર થઈ રહ્યુ છે. જેને લઈ આ વિસ્તારમાં શાકભાજી વેચવા માટે આવતા લારીવાળા, ફેરિયાઓ, તેમજ શાકભાજી ખરીદવા માટે આવતી મહિલાઓ તેમજ રાહદારીઓને આવા ગંદા પાણીમાંથી પસાર થવુ પડે છે જેથી તેઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત છેલ્લા ઘણા દિવસથી ગટરનુ પાણી બહાર આવતુ હોવા છતાં આ બાબતે તંત્ર દ્વારા કોઈ નકકર કામગીરી થતી નથી જે કારણે આસપાસના લોકો અને શાકભાજી વેપારીઓ દ્વારા અનેક રજુઆતો કરવા છતાં આ સમસ્યાઓ ઉકેલ આવ્યો નથી. વહીવટી તંત્ર આ બાબતે નકકર કામગીરી કરી સમસ્યાનો કાયમી ઉકેલ લાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# લુણાવાડા ખાતે સમુદાયો માટે ચુટણી સાક્ષરતા અંગે ચુનાવ પાઠશાળા યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
ચુનાવ પાઠશાળાનું મુખ્ય દયેય નાગરિકોમાં ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃતિ લાવવાનું છે. આ નાગરિકો તેઓના જ્ઞાનને સમુદાયના અન્ય સભ્યો સાથે વહેંચશે અને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે મોટા સમુદાયને પ્રેરણા આપશે. ચુનાવ પાઠશાળા સક્રિય નાગરિકોને 'મતદાતા મિત્ર'ની ભૂમિકા ભજવવા માટે અનોખી તક પૂરી પાડે છે. જે સમાજના સભ્યોને ચૂંટણી પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપશે અને તેઓને નોંધણી કરાવવા માટે અને મતદાન કરવા માટે પ્રેરણા આપશે. જે અંતર્ગત આદર્શ વિદ્યાલય લુણાવાડા ખાતે નાયબ ચુટણી અધિકારી એ.કે.ગૌતમના માર્ગદર્શનમાં આવનાર વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને મતદાર સાક્ષરતા અંગે ચુનાવ પાઠશાળાનો સેમિનાર યોજાયો હતો.

નાયબ ચુટણી અધિકારી એ.કે.ગૌતમે જણાવ્યું હતું કે, જિલ્લાના ચૂંટણી અંગેના નવાં કાયદાઓ, સુધારાઓ અને નવી માર્ગદર્શિકાઓ અંગે માર્ગદર્શન મળી રહે એ માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં ઉપસ્થિત મતદાર સાક્ષરતા કલબ સાથે જોડાયેલાં વિદ્યાર્થીઓ અને અધિકારીઓને માર્ગદર્શન આપતાં ચૂંટણીને કારણે લોકશાહી જીવંત અને જાગૃત બની રહેશે. મતદાનનો અધિકાર એ લોકશાહીએ આપેલો મહત્વનો અધિકાર છે. એક વોટથી ચૂંટણીનું પરિણામ બદલાઈ જતું હોય છે. કહેવાનો મતલબ એ છે કે, ચૂંટણીમાં એક–એક મત અમૂલ્ય છે. ત્યારે ૧૮ વર્ષ પૂર્ણ કરનાર એક પણ વિદ્યાર્થી તેમની મતદાર તરીકે નોંધણી કરાવી દે તે જરૂરી છે.

વધુમાં જણાવતા શાળા કોલેજના આજના વિદ્યાર્થીઓ ટેક્નોસેવી છે. મતદાન નોંધણી માટે તમે ઓનલાઇન નોંધણી પણ ઘણી સરળતાથી કરાવી શકે છે. કેમ્પસ એમ્બેસેડરને તેમની કોલેજ તથા આસપાસમાં રહેતાં પડોશી, સ્વજનોને પણ આ માટે સમજણ આપવાં માટે પ્રેરિત કરવાં અનુરોધ કર્યો હતો.

ઈએલસી નોડલ કિરીટભાઈ પટેલે મતદાર સાક્ષરતા કલબ અને કેમ્પસ એમ્બેસેડરો દ્વારા કરવાની થતી કામગીરી બાબતે તેમણે જણાવ્યું હતું કે, ૧૮ વર્ષથી ઉપરની વયનો કોઈ પણ નાગરિક મતદાર યાદીમાં નામ નોંધાવ્યાં વગર રહી ન જાય એ માટે આપ સૌએ આપની શૈક્ષણિક સંસ્થામાં જ નહીં પરંતુ બહાર પણ જાગૃતિ આવે એવા પ્રયાસો હાથ ધરવા પડશે. આ ઉપરાંત ચૂંટણી પ્રક્રિયામાં મહિલા મતદારોની ભાગીદારી વધે તથા સ્થળાંતરિત મતદારો ચૂંટણી સમયે મતદાન કરવા માટે આવે એ માટે પણ જિલ્લા વહીવટીતંત્રના સંકલનમાં રહી પ્રયાસો હાથ ધરવાં તેમણે જણાવ્યું હતું.

પ્રાતં અધિકારી બાલાસિનોરે સેમિનારનો હેતુ સમજાવી વધુને વધુ લોકો આ લોકશાહીના પર્વમાં જોડાય તે માટે તેમજ અધિકારીઓ નવાં કાયદા, સુધારા અને નવી વિગતો અંગે માહિતગાર થાય અને યુવા મતદારોમાં આ અંગેની જાગૃતિ આવે તે માટે આ ચુનાવપાઠ શાળા મહત્વની બની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી પી.એમ મોદીએ મતદાર સાક્ષરતા કલબ દ્વારા કરવાની થતી કામગીરી અંગે વિગતે જાણકારી આપી આગામી સમય દરમિયાન મતદાર સાક્ષરતા કલબ દ્વારા આગામી સમયમાં કરવાની થતી સ્વીપની પ્રવૃત્તિઓ અંગે ચૂંટણી પંચ દ્વારા નિયત કરવામાં આવેલા કાર્યક્રમ અંગે વિગતે છણાવટ કરી હતી.

આ ચુનાવ પાઠશાળામાં વિરપુર અને કડાણા મામતલતદારઓએ પોતાનું પ્રથમ મતદાનના અનુભવો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે મતદાન જાગૃતિ અંગે સાપસીડી અને બીજી રમતો દ્વારા ઉપસ્થિતોને સમજણ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં ચીટનીશ પ્રજાપતી સહિત કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

# સંતરામપુર નગરમાંથી ડુપ્લીકેટ મહેંદીનું વેચાણ કરતા મુદ્દામાલ જપ્ત કરાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં મેન બજારમાં ધર્મસાની બાજુમાં અંબિકા પૂજા સ્ટોર નામની દુકાન ચાલી રહેલી હતી. તે દરમિયાનમાં અમદાવાદના વેપારી અને સેલ્સમેન અચાનક સંતરામપુરમાં તપાસ દરમિયાનમાં અમીરભાઈ દીદારભાઈ સરાણી પ્રોડકશન અને એજન્સી મહેંદીની ધરાવે છે. ડુપ્લીકિટ મહેંદીનું વેચાણ કરતા નરેન્દ્રભાઈ શાંતિલાલ પાલીવાવ વેપારીની દુકાનમાં ઈમ્પેક્ષ કંપનીની જબ જુલફ એ એ હિના નામની માર્કા વાળી મહેંદીના પાવડર ડુપ્લીકેટ પેકેટ નંગ–૭૪ મળી આવેલા હતા. જેમાં એક પેકેટમાં કિંમત રૂપિયા સો રૂપિયા લેખે ગણતરી મારતા ૭૪૦૦ નો મુદ્દા માલ કબજે કરવામાં આવેલો હતો અને ડુપ્લીકિટ માલનો વેચાણ કરી રહેલા હતા. અમદાવાદ કંપનીના મેનેજર એ પહોંચાડી તપાસ કરેલી હતી. અમદાવાદ પેકિંગ અને અન્ય ડુપ્લીકિટ પેકિંગ જોવાયો બંનેમાં સરખું જોવાયેલું હતું. પરંતુ તપાસ દરમિયાનમાં બંને વસ્તુ અલગ જોવા મળી રહ્યું હતું. આ અંગેની સઘન તપાસ કરતા અને વેપારની પૂછપરછ દરમિયાનમાં ડુપ્લીકિટ માલ ગોધરાના વેપારી પાસેથી લીધેલી હોવાનું જણાવેલું હતું. પૂજા અંબિકા સેલ્સ વેપારીને સંતરામપુર પોલીસે અટકાયત કરીને કસ્ટડીમાં મૂકવામાં આવેલા હતા, પરંતુ સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં નામચીન પ્રોડક્ટ પણ ડુપ્લીકિટ વેચાણનું પ્રમાણ વધારે જોવાયેલું છે. ગ્રામ્ય વિસ્તારમાં હોલસેલ વેપારીઓ ઘરે ઘરે ડીલેવરી કરીને આ રીતે ડુપ્લીકિટ પ્રોડકટનું વેચાણ વધી રહેલું છે. સંતરામપુરમાં હર્બલ સ્પેરપાર્ટ ડિટરજન્ટ ટોચ વગેરે સંખ્યાબંધ વસ્તુઓ હજુ પણ માર્કેટમાં ધૂમ ડુપ્લીકિટ વેચાણ થઈ રહ્યું છે. પોલીસ જો સઘન તપાસ કરવામાં આવે અને દરેક દુકાનોની તપાસ કરાય તો ઘણી બધી ચીજ વસ્તુઓ બહાર આવી શકે તેમ છે.

# મહીસાગર જિલ્લાની પ્રથમ E-FRI બાકોર પોલીસ સ્ટેશને દાખલ થતાની સાથે બે દિવસમાં નિકાલ

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં પ્રથમ ઈ–એફઆઈઆર દાખલ થવા સાથે જ લુણાવાડા લોકલ ક્રાઈમ બ્રાન્ચે બે ગુનો દિવસમાં ગુનો ડિટેકટ કરી અમદાવાદથી મોબાઈલ સાથે આરોપીને ઝડપી કાયદેસરની કિશોર કાર્યવાહી હાથ ધરી છે.

મહીસાગર જિલ્લા પોલીસ વડા રાકેશ બારોટ દ્વારા જિલ્લાની તમામ પોલીસને e-FIR સહિત તમામ ગુનાઓનું ડિટેક્શન કરવા સૂચના આપવામાં આવી હતી. ત્યારે જિલ્લામાં પ્રથમ e-FRI અમદાવાદથી ફરવા આવેલ ફેનીલ કિશોરભાઈ સતાસીયા બાકોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરવા માટે આવ્યા હતા. ત્યાર બાદ અમદાવાદ પરત જતા તેઓનો મોબાઈ ચોરી થયો હોવાનું માલુમ પડતા અમદાવાદ જઈ તેઓને બાકોર પોલીસ સ્ટેશને ઓનલાઈન e-FRI કરી હતી. ત્યાર બાદ એલ.સી.બી પી. આઈવિમલઘોરડા સહિત સ્ટાફનાં માણસોની અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલી બાકોર ગુનાના કામે ચોરીમાં ગયેલ મોબાઈલ ટેક્નીકલ સોર્સીસથી ટ્રેક કરતા બાતમી હકિકત મેળવેલ કે સદર ગુનાનો ચોરાયેલ મોબાઈલ હાલમાં અમદાવાદ શહેર ખાતે આવેલ કૃષ્ણનગર સૈજપુર પાસે આવેલ અમુલ પાર્લર પાસે હોય જેથી ટીમના માણસોને જે જગ્યાએ તપાસમાં મોકલતા સદર જગ્યાએ જઈ તપાસ કરતા એક ઈસમ દિનેશભાઈ રમણભાઈ પંચાલ રહે– એ–૭૦૨ પ્રતિષ્ઠા હાઈટ, હંસપુરા ગામ નરોડા, અમદાવાદનાનો પાસેથી મોબાઈલ મળી આવેલ, જેથી આ બાબતે કૃષનગર પો.સ્ટે. ખાતે ટેલિફોનીક વર્ધી લખાવી ઈસમને હસ્તગત કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે બાકોર પો.સ્ટે. સોંપવામાં આવેલ છે.

# ચાલીસ વર્ષથી સાયકલ લઈ તીર્થ ધામોની યાત્રા કરતા અગોરી બાબા આવી પહોંચ્યા ઘોઘંબા પંથકમાં

**એક સાધુ સાયકલ ઉપર પાવગઢ જવા માટે નીકળ્યા હોય રાયણમુવાડા આકસ્મિક મુલાકાત થઈ હતી**



ઘોઘંબા,
અમદાવાદ સ્મશાનમાં રહેતા ખીમપુરી મહારાજ એક અઘોરી છે. તેઓ સાયકલ ઉપર મોટા મોટા ધાર્મિક સ્થળો ઉપર પ્રવાસ કરે છે. તેઓ અમદાવાદ થી અમરનાથ સાયકલ લઈ બાબા બરફાનીના દર્શન કરી સીધા પાવાગઢ મહાકાળીના દર્શન માટે આવ્યા હતા. સાયકલ ઉપર પ્રવાસ કરવાનું કારણ પૂછતા બાબાએ કોઈની પાસે હાથ લાંબો કરવો નહીં અને ભાડું બચાવવાના હિસાબે સાઈકલ ઉપર ધાર્મિક સ્થળોના પ્રવાસ કરે છે. તેમજ જ્યાં રાત પડે ત્યાંના સ્મશાનમાં તેઓ આરામ કરી સવારની સફરમાં નીકળી જાય છે.

# આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

વૃષભ (બ,વ,ઉ) : પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

મીથુન (ક,છ,ઘ) : આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

કર્ક (ડ,હ) : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો, યાત્રા થઈ શકે છે.

સિંહ (મ,ટ) : ાવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

કન્યા (પ,ઠ,ણ) : વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

તુલા (ર,ત) : જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

વૃશ્ચિક (ન,ય) : વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

ધન (ભ,ધ,ફ) : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

મકર (ખ,જ) : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

કુંભ (ગ,શ,સ) : દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

મીન (દ,ચ,ઝ,થ) : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ પોલીસ અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ : જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા

દાહોદ,

દાહોદ નગરના પંડિત દીનદયાલ સભાગૃહ ખાતે ગોધરા પંચમહાલ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ. ભરાડાની અદયક્ષતામાં ઇ-એફઆઇઆર સહિતની બાબતો વિશે નાગરિકો માહિતગાર બને એ માટે કાર્યક્રમ યોજાયો હતો. એમ.એસ. ભરાડાએ રાજ્યમાં પોલીસે અપનાવેલી નવી ટેકનોલોજી વિશે વિગતે વાત કરી હતી અને ગુજરાત પોલીસ દેશમાં ટેકનોલોજીના ઉપયોગમાં અગ્રેસર હોવાનું જણાવ્યું હતું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગોધરા પંચમહાલ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષકએ જણાવ્યું કે, ગુજરાત પોલીસ નવી ટેકનોલોજીને અપનાવવામાં દેશભરમાં અગ્રેસર છે. રાજ્યમાં ઇ-ગુજકોપ એ એક મહત્વનો પ્રોજેક્ટ છે. જેમાં પેપરલેસ કામગીરી અંતર્ગત એફઆઇઆર તેમજ અન્ય તમામ રજીસ્ટરમાં સીધી એન્ટ્રી થઇ જાય છે. જેને ઉચ્ચ અધિકારીઓ જોઇ શકે છે અને માર્ગદર્શન આપી શકે છે.

તેમણે જણાવ્યુંકે, દરેક પોલીસ સ્ટેશનમાં અત્યારે સીસીટીવી કેમેરા લાગી ગયા છે જેથી કરીને માનવાધિકાર ભંગની ફરિયાદો નહીવત બની છે. ઉપરાંત દાહોદ, ગોધરા સહિતના શહેરોમાં પ્રથમ તબક્કામાં સીસીટીવી કેમેરા લગાવાયા છે જેથી ગુનેગારોને તાત્કાલિક પકડી શકાય. આ પ્રોજેકટથી પણ ગુનાખોરીમાં ઘટાડો થયો છે.

તેમણે ઉમેર્યુ કે, પોલીસ પાસે પણ ટેકનોલોજી આધારિત અત્યાધુનિક સાધનો આવી જવાથી ગુનાઓ ઉકેલવામાં ઝડપ વધી છે. પોકેટ કોપ મોબાઇલ થકી શંકાસ્પદ વાહન વિશે તમામ માહિતી તાત્કાલિક હાથમાં આવી જાય છે. ડિજિટલ ફિન્ગર પ્રિન્ટ થકી ગુનેગારની આખી કુંડળી પોલીસ પાસે આવી જાય છે અને તે ત્યાર બાદ કોઇ પણ સ્થાને એ ગુનેગાર પકડાય તો તુરત ફિન્ગરપ્રિન્ટ આધારે બધી જ માહિતી મળી જાય છે.

ડાયલ ૧૦૦ અને જીપીએસ ટ્રેકર દ્વારા પોલીસ કેટલી ઝડપથી પહોંચી કે નહિ એ માહિતી મળી જાય છે. જેથી પોલીસ બેદરકારી પકડી શકાય છે. બોડી વોર્ન કેમેરા થકી પોલીસ હાલમાં કયા છે, શું કરી રહી છે, શું વાત કરી રહ્યાં છે એ પણ સાંભળી શકાય છે. તેમ તેમણે જણાવ્યું હતું અને ફોરેન્સીક સાધન સામગ્રી, અકસ્માત નિવારણ માટેના પ્રોજેક્ટ તેમજ આરોપીની વિગત આપતી ટેકનોલોજી પ્રોજેક્ટ વિશે નાગરિકોને માહિતી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ જિલ્લા પોલીસ ટેકસેવી બની હોવાનું જણાવી કહ્યું કે, સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે પોલીસને અદ્યતન ટેકનોલોજીથી સજ્જ કરાઇ રહી છે. ત્યારે નાગરિકોએ આ ટેકનોલોજી વિશે માહિતી મેળવીને તેનો ઉપયોગ કરવો જોઇએ. તેમજ અન્ય લોકોને પણ આ બાબતે માહિતગાર કરવા જોઇએ.

તેમણે જણાવ્યું કે, ઇ-એફઆઇઆરમાં પોલીસને સમયમર્યાદા અને જવાબદારી સુનિશ્ચિત કરાઇ છે. તેમજ તેનું સુપરવિઝન મલ્ટીપલ લેવલથી કરાઇ રહ્યું છે. જેથી કરીને નાગરિકોનો સમય બચશે અને પોલીસની કામગીરી વધારે ઝડપથી થશે. આ ટેકનોલોજી થકી હવે નાગરિકોને પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર રહી નથી પરંતુ પોલીસ નાગરિકો પાસે સામેથી આવે છે.

આ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ, નાગરિકોને ઇ-એફઆઇઆર સહિતની નવી ટેકનોલોજી વિશે વિગતે સમજ આપી તેના ઉપયોગ કરવા વિશે માહિતી અપાઇ હતી. તેમજ કાર્યક્રમ સ્થળે કયુઆર કોડ મારફતે એપ ડાઉનલોડ કરવાની વ્યવસ્થા કરાઈ હતી. જેનો ઉપસ્થિત નાગરિકોએ ઉપયોગ કરી એપને ડાઉનલોડ કરી હતી.

આ પ્રસંગે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, એએસપી વિજયસિંહ ગુર્જર, એએસપી જગદીશ બાંગરવા, ડીવાયએસપી પરેશ સોલંકી, ડીવાયએસપી હર્ષ બેન્કર, ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા, સહિતના અધિકારીઓ, નાગરિકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ફતેપુરા તાલુકાના સરસ્વા ગામે મગર દેખાતા લોકો આશ્ચર્ય પામ્યા

ફતેપુરા,

ફતેપુરાના સરસ્વા ગામે રહેણાંક વિસ્તારમાં મગર ઘસી આવતા લોકોમાં ભાગદોડ મચી જવા પામી હતી. ફળીયાના રહીશોમાં ભય ફેલાયો હતો. જેથી ફળીયાના રહીશો દ્વારા તુરંત વન વિભાગને જાણ કરી હતી અને વિભાગના કર્મચારી ઘટના સ્થળે આવી મગરનું રેસ્કયું આપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મગર આવ્યો હોવાની જાણ સમગ્ર પંથકમાં થતા લોકોના ટોળે ટોળા મગરને જોવા ઉમટી પડ્યા હતા.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

મળતી માહિતી મુજબ ફતેપુરાના સરસ્વા ગામે મકવાણા ફળીયામાં આશરે સાડા છ વાગ્યાની આસપાસ બાળકો ઘરની બાજુમાં રહેલા ખેતર તરફ જતા અચાનક મગર દેખાતા ભાગદોડ અને ભૂમાભૂમ કરતા રમેશ મકવાણા દોડી આવ્યા હતા અને મગર જોવા મળતા જેની જાણ વન વિભાગના કર્મચારીને જાણ કરતા થોડી જ ક્ષણોમાં વન વિભાગ કર્મચારી તેમજ પ્રકૃતિ મંડળના અધિકારી દોડી આવ્યા હતા અને મગરનું રેસ્કયું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ભારે જહેમત બાદ તંત્ર દ્વારા મગરને પકડી પાડવામાં આવ્યો હતો. મગર પકડ્યા બાદ અધિકારીની પુછપરછ કરતા જણાવ્યું હતું કે, મગર આશરે ૩ થી ૩.૫૦ ફૂટ લાંબો અને જેની ઉંમર આશરે સાડા ત્રણ વર્ષની છે વધુમાં જણાવ્યું હતું કે, આ મગરને પકડીને મહીસાગર નદીમાં સલામત સ્થળે મગરને છોડી દેવામાં આવશે.

ફતેપુરામાં સરસ્વા ગામની આજુબાજુ કોઈ પણ તળાવ નદી કે નાળુ નથી, પરંતુ આ મગર આવ્યો ક્યાં થી તે પણ એક સવાલ છે. જ્યારે ગામના આગેવાન જોડે વાત કરતા જાણવા મળ્યું હતું. મગર મેઈન રોડ તરફ થી આવ્યો હોય તેમ લાગી રહ્યું છે, તો શું આ મગરને રાત્રી દરમિયાન કોઈ વ્યક્તિ તેને રોડ પર છોડી ગયા હશે ? કે શું ? એવા અનેક સવાલો હાલ પ્રજાના મનમાં ઉઠી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા તેની હક્કીકત તપાસ કરવામાં આવે તો વધુ માહિતી મળે.

# દાહોદ તાલુકા બીજેપી દ્વારા બાવકા અને ચાંદાવાડાના આંગણવાડીના બાળકોને પ્રોટીન ડબ્બા આપવામાં આવ્યા



દાહોદ,

દાહોદ તાલુકા ભાજપ દ્વારા સુપોષણ અભિયાન અંતર્ગત આજથી સરૂ થતાં પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે બાવકા પુરાતન શિવ મંદીરના સાંનિદ્યમાં પંચવટી ખાતે બાવકા, ચાંદાવાડા બે ગામની ૩૩ આંગણવાડીના કુલ ૩૧૫ કુપોષિત બાળકોને ૮૯ રાતા અતી કુપોષિત છે. દતક જિલ્લા પંચાયતના પક્ષના નેતા કરણસિંહ સોમજીભાઈ ડામોર (પર્વતભાઇ) તરફથી પ્રોટીન પાવડરના ૩૧૫ ડબ્બા તથા બિસ્કીટ આપવામાં આવ્યાં. જેમાં દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ લબાના ગામના પ્રથમ નાગરિક સરપંચ ભરતભાઈ પસાયા, કારોબારી અધ્યક્ષ જયેશભાઈ પરમાર, ડેપ્યુટી સરપંચ માનસિંગભાઈ ભુરીયા, આંગણવાડીની સુપરવાઈઝર બહેનો અને કુપોષિત બાળકોની હાજરીમાં આપવામાં આવ્યા, બાકીની તમામ આંગણવાડીના પ્રોટીનના ડબ્બા તેમની આંગણવાડી પર જઈ અને કુપોષિત બાળકોને આપવા માટે આંગણવાડી વર્કર બહેનોને આપવામાં આવ્યા. બાવકા શિવ મંદિરમાં ભગવાન શિવના દર્શન કરવાનો અવસર પ્રાપ્ત થયું. શિવ મંદિર ખાતે કોરોના વોરિયર્સ બગીચાઓમાં ૧૦૧ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

# દાહોદ જિલ્લાના વિદ્યાસહાયકોના નિયમિત પગાર ધોરણના હુકમો કરવામાં આવતાં શિક્ષણ જગતમાં ખુશીની લહેર

દાહોદ,

આજ રોજ વર્ષના અતિપવિત્ર શ્રાવણમાસનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે આજના શુભદિને દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, મયુર પારેખ દ્વારા વધુ એક સંવેદનશીલ કામગીરી શિક્ષકોના હિતમાં કરવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૭ માં વિદ્યાસહાયકની ભરતી કરવામાં આવી હતી. જેઓને પાંચ વર્ષ પૂર્ણ થતાં નિયમિત પગાર ધોરણમાં સમાવવા પાત્ર ૩૨૦ વિદ્યાસહાયકોને એક મહિનો પણ ન થયોને એપ્રિલઃ-૨૦૨૨ માં સમયસર નિયમિત પગાર ધોરણના હુકમ આપ્યા હતા. તેજ રીતે આજ રોજ દાહોદ જિલ્લા શિક્ષણ જગતના સુચારૂ સંચાલનના છોગામાં વધુ એક પીછું ઉમેરાતાં બાકી રહેલા વધુ-૬૩ વિદ્યાસહાયકોને નિયમિત પગાર ધોરણના હુકમ કરવામાં આવતા શિક્ષણ જગતમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

દાહોદ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયકોઓને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, દાહોદ દ્વારા સુચારૂ વહીવટ થી શ્રાવણ માસના પ્રથમ દિવસે જિલ્લાના ૬૩ જેટલા વિદ્યાસહાયકોના પાંચ વર્ષ પૂર્ણ થતા હોઈ, જેઓને પૂરાપગારના ઓર્ડરની ભેટ આપવામાં આવી. વધુમાં માર્ચ મહિનામાં જેટલા વિદ્યાસહાયકોને પાંચ વર્ષ પૂર્ણ કરતા મહીનો પૂરો થતાની સાથે જ પૂરાપગારના ઓર્ડર એક સાથે આપવામાં આવ્યા હતા. આજથી શ્રાવણ માસના પ્રથમ દિવસે સંવેદનશીલતા વહીવટના ભાગરૂપે ૬૩ વિદ્યાસહાયકોને પુરાપગારના ઓર્ડર આપવવામાં આવ્યા. જે પ્રસંગે જિલ્લાના શિક્ષકો/વિદ્યાસહાયકોમાં આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

# દાહોદ જિલ્લાના મીરાખેડી CHC સેન્ટરના કર્મચારીઓ મનફાવે ત્યારે નોકરી પર આવે જાય છે : વહીવટી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં

દાહોદ,

દાહોદ જિલ્લાના તા.૨૮.૦૭.૨૦૨૨ને ગુરૂવારના રોજ CHC મીરાખેડી ખાતે સવારના ૦૯.૩૦ વાગ્યા હોવા છતા કેશ કાઢવા માટે કેશબારી તો ખુલી પરંતુ કેશબારી પર કોઈ પણ કર્મચારી બેઠલ નથી. તેવી જ રીતે OPD ના રૂમ ખુલ્લા છે, પણ એક ડોક્ટર સિવાય બીજા કોઈ પણ ડોક્ટર હાજર નથી. બિમાર માણસો સારવાર કરાવવા સવારના બેઠા હતા પરંતુ કેશ નીકળવા માટે કોઈ કર્મચારી હાજર નથી. સરકારી તંત્ર દ્વારા લોકોના સ્વાસ્થ્યને લગતી કોઈ સમસ્યા ન રહે તેવી દરેક CHC, PHC માં વ્યવસ્થા કરવામાં આવેલ છે, પરંતુ લેબોરેટરી અને કેશ બારી પર જે માણસોને કોન્ટ્રાક્ટ બેઝ પર લીધેલ છે. તેઓ મીરાખેડી ગામના જ હોઈ મન ફાવે ત્યારે પોતાની મરજીથી આવે છે અને જાય છે અને બિમાર માણસોને હાલાકીનો સામનો કરવો પડે છે. તે માટે જ જવાબદાર તંત્ર દ્વારા હાલ ચોમાસામાં રોગચાળો ન ફેલાય તે માટે CHC મીરાખેડીની મુલાકાત લઈ લોકોના ટેક્સના રૂપિયે લટાર મારવા આવતા કર્મચારીઓ ઉપર ઓચિંતાની મુલાકાત લઈ ઘટતું કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગને ધ્યાનમાં રાખી લોકોએ મુલાકાત લેતાં સ્થાનિકોની રજુઆત વ્યાજબી હોઈ તાલુકા હેલ્થ ઓફિસર (T.H.O.) ઝાલોદને CHC મીરાખેડી ના ૯.૩૦ સમય દરમિયાન સુધી એક ડોક્ટર અને એક મેડમ અને પટાવાળા સિવાય અન્ય કોઈ સ્ટાફ હાજર ન હોઈ તે સમય નો CHC નો વિડીયો બનાવી tho ઝાલોદને મોકલવામાં આવ્યો હતો અને ઘટતું કરવા માંગ કરી હતી.



# સંજેલી તાલુકાના વિવિધ ગામોમાં દીપડાએ બે દિવસમાં ૪ બકરાનું મારણ કરતા લોકોમાં ફફડાટ

સંજેલી,

સંજેલી તાલુકાના નેનકી, કકરેલી અને મોલી ગામમાં દીપડાએ બે દિવસમાં ચાર બકરાનું મારણ કર્યુ હોવાનું સામે આવ્યુ છે. થોડા દિવસ પહેલાં ઈટાડીના જંગલોમાં ત્રણ બકરા મારી નાખ્યા બાદ ફરી હુમલા શરૂ થતાં ડુંગર વિસ્તારના ગામોમાં રહેતાં લોકોમાં ભારે ડર.

સંજેલી તાલુકો જંગલ વિસ્તાર ધરાવતો તાલુકો છે. ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકો ડુંગરાળ અને જંગલ વિસ્તારની નજીક વસવાટ કરતા હોય છે. છેલ્લા કેટલાક દિવસથી દીપડાએ આતંક મચાવ્યો હતો. જંગલ નજીક આવેલા ઘરોમાં નજીક બાંધેલા બકરાઓને નિશાન બનાવવામાં આવી રહ્યાં છે. થોડા દિવસ અગાઉ ઈટાડીમાં ત્રણ જેટલા બકરાઓનું મારણ કર્યું હતું. ત્યાર બાદ છેલ્લા બે દિવસમાં નેનકીમાં એક, કકરેલીમાં બે તેમજ મોલી ગામમાં ડુંગર નજીક રહેતા રમેશભાઈ ચુનીયાભાઈના નજીક ઘર ફળિયામાં બાંધેલા બકરાઓ ઉપર રાત્રે ત્રાટકી દીપડાએ સિકાર કર્યો હતો.

# દાહોદ જીલ્લાના શિવાલયોમાં શ્રાવણ માસ પહેલા દિવસ થી શિવાલયોમાં ભકતોની ભીડ



દાહોદ,

પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થતાં દાહોદ શહેર સહિત જિલ્લાના શિવાલયોમાં શિવ ભક્તોની વહેલી સવારથીજ ભારે ભીડ જોવા મળી હતી. તમામ શિવાલયો બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યાં હતાં.

શીવ ભક્તિનો પવિત્ર મહિનો એટલે શ્રાવણ માસ. શ્રાવણ માસમાં શિવ ભકતો ભગવાન શિવજીને રીઝવવા આખો શ્રાવણ માસ નકોડા ઉપવાસ પણ કરતાં હોય અને પોતાની મનોકામનાઓ પુરી કરવા ભગવાન શિવની પુજા, અર્ચના વિગેરે કરી ભક્તિમય બને છે. ત્યારે આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં દાહોદ શહેર સહિત જિલ્લાના શિવાલયોમાં શીવ ભક્તોની વહેલી સવારથી લાંબી લાઈનો જોવા મળી હતી. ભગવાન શિવજીને દુધાભિષેક, બીલીપત્ર વિગેરેથી પુજા અર્ચના કરવામાં આવી હતી. મોડી સાંજે પણ શીવાલયો ખાતે ભીડ જોવા મળી હતી. જિલ્લાના શિવાલયોને ભવ્ય રોશની શણગારી દેવામાં આવ્યાં છે. દાહોદ જિલ્લામાં ઘણા સ્થળોએ શ્રાવણ માસમાં વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. દાહોદના કાળીડેમ ખાતે આવેલ ભગવાન શિવજીના મંદિરે શીવ ભક્તોની ભારે ભીડ પણ જોવા મળી હતી.

# દાહોદ સાંસદ રેલ રાજ્ય મંત્રીને મળીને ચાર ટ્રેનોમાં કોચ વધારવા રજુઆત

દાહોદ,

દાહોદ જિલ્લા સાંસદ દ્વારા રેલ રાજ્ય મંત્રીની મુલાકાતે પહોંચ્યાં હતાં અને ચાર જેટલી ટ્રેનોમાં એક-એક કોચ વધારવા માટે રેલ રાજ્ય મંત્રીને રજુઆત કરવામાં આવી હતી.

કોરોના કાળ દરમ્યાન ખાસ કરીને ટ્રેનો ઉપર ખાસી અસર જોવા મળી હતી. ત્યારે દાહોદ જિલ્લાની વાત કરીએ તો દાહોદ જિલ્લાના મુખ્ય મથક એવા દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે પણ કોરોના બાદ ઘણી એવી ટ્રેનોનું હાલ સુધી સ્ટોપેજ નથી મળ્યું. આ માટે અગાઉ દાહોદ જિલ્લાના સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા રેલ મંત્રી સહિત દિલ્હી સુધી આ મામલે રજુઆતો કરવામાં આવી હતી. ત્યારે થોડા દિવસો અગાઉ દાહોદ જિલ્લાના સાંસદ જસવંતસિંહ ભાભોરે રેલ રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોશની મુલાકાતે પહોંચ્યાં હતા અને દાહોદ જિલ્લામાં જે ટ્રેનોને સ્ટોપે નથી મળ્યું તેવી ટ્રેનોને સ્ટોપેજ આપવામાં આવે અને વધુમાં સ્વરાજ એક્સપ્રેસ, હાપા-જમ્મુતાવી, જામનગર જમ્મુતાવી અને સર્વોદય એક્સપ્રેસમાં પ્રથમ શ્રેણીમાં એક-એક કોચ વધારવા માટે રજુઆત કરવામાં આવી હતી.

# આહાર ટ્રસ્ટ દ્વારા ઝૂંપડપટ્ટીના ગરીબ બાળકોને અભ્યાસ માટે બહાર મોકલાયા


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દેવગઢ બારીયાના નગરપાલિકાના પાછળના ભાગમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં અંદાજે ૨૦૦ જેટલા બાળકો રહે છે. એમના કેટલાક જન્મનો દાખલો/આધાર કાર્ડ/કે માતા પિતા નહિ હોવાને કારણે ભણી શકતા નથી. થોડાક બાળકો ૭ થી ૮ ધોરણ જેટલું પ્રાથમિક શિક્ષણ મેળવીને આગળ ભણવાની ઈચ્છા હોવા છતા ય ગરીબાઈને કારણે નાની ઉંમરમાં મજૂરી કરવા લાગી જાય છે અને ભણતરના અભાવે તેઓ ગરીબાઈમાંથી બહાર નીકળી શકતા નથી. કેટલાક બાળકો ડુંગરમાં બળતણના લાકડા વીણવાનું કામ કરી તેમાંથી વેફરનું પડીકું ખરીદી પોતાનું પેટ ભરતા હોય છે. બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે આજે શ્રાવણ માસના પ્રથમ દિવસે જે વાલીઓની આર્થિક સ્થિતિ વધુ ખરાબ હોય અને માંડ માંડ પોતાનું ભરણ પોષણ કરતા હોય અને જેમના બાળકોને સારી રીતે ભણવાની ઈચ્છા હોય તેવા સાત બાળકોને આહાર ટ્રસ્ટ થકી જેટલું ભણી શકે તેટલું બિલકુલ મફત ભણવા માટે આજે શ્રમ મંદિર સિંધરોટ ખાતેના છાત્રાલયમાં દાખલ કરવામાં આવતા આ તમામ બાળકોની ખુશી સમાતી ન હતી અને સાત માંથી બે બાળકો માતા વિહોણા છે. એક બાળક તેના માતા-પિતા કાઠિયાવાડ મજૂરી માટે જતા ત્યાં બીજા ધોરણમાં અભ્યાસ કરતો હતો અને માતાનું અવસાન થતાં બાળકને પિતા અહીંની ઝૂંપડ પટ્ટીમાં મૂકી મજૂરી માટે પરત કાઠિયાવાડ ગયેલ. અહીં ઝૂંપડપટ્ટીમાં બે વર્ષથી તે બાળક રખડ્યા કરતું હતું. બે વર્ષ બગડ્યા બાદ આહાર ટ્રસ્ટ દ્વારા ફરી ભણવાનો અવસર મળતા તે ગદગદ થઈ ગયું હતું. એક બાર વરસના બાળક કેયુર વિજયભાઈ નાયક પાસે જન્મનો દાખલો કે રેશનકાર્ડ કે આધાર કાર્ડ કંઈજ ન હતું. તેની ઈચ્છા અહીં જ ભણવાની હોતા તેને અહીંની ઝૂંપડપટ્ટીની નજીકની રાધેગોવિંદ પ્રાથમિક શાળામાં દાખલ કરાયું. આહાર ટ્રસ્ટ મફત ભોજન, મફત પ્રાથમિક સારવારની સાથે બાળકોને ફરજીયાત શિક્ષણ ઉપર પર વધુ ધ્યાન આપે છે.

# જેસાવાડા આરોગ્ય વિભાગ દ્વારા ડેન્ગ્યુ-મલેરીયાનો સર્વે



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામમાં જેસાવાડા આરોગ્ય વિભાગ દ્વારા જીલ્લા મલેરિયા અધિકારી અતીત ડામોર અને તાલુકા હેલ્થ ઓફિસર ડો.અશોક ડાભીની સુચના મુજબ જેસાવાડામાં સર્વેનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘરે ઘરે જઇ તપાસ કરી હતી. બિનજરૂરી પાણી ન ભરવા લોકોને સુચના આપી PHC ની તમામ ફી.હે.વ.આશા તેમજ મ.પ.હે.વ. ગિરીશ પરમાર, રવીન્દ્ર પરમાર, પ્રવીણ રાઠોડ, નિમેષ પરમાર અને આ સર્વેનું સુપર વિઝન Mo કેતન બારીયા, ત્રિસા વસાવા, કિજલ બારીયા તેમજ PHC સુપર વાઈઝર કિરણભાઈ આર. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું આરોગ્ય વિભાગના સર્વે કરનાર કર્મચારીને સાથ સહકાર આપવાની અપીલ પણ કરવામાં આવી.



તાલુકા કન્યા શાળા ગરબાડા ખાતે ધોરણ ૧ થી ૮ માં લાઈફ સ્કિલ આધારિત બાળ મેળાનું આયોજન કરવામાં આવ્યું. આ બાળમેળાના નોડલ શિક્ષક વિભાબેન સાંગલેકર દ્વારા કરવામાં આવ્યું. જેમાં ધોરણ એક થી પાંચમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચિત્ર દોરવા, કાગળ કામ, ફેશન શો, લોટ માંથી સિક્કા શોધવા, માટીકામ, નાટક હાસ્ય દરબાર, છાપકામ, ચીટકકામ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે ધોરણ ૬ થી ૮ માં કુકરનું ઢાંકણ બંધ કરવું, ફ્યુજ બાંધવો, ખીલી ઠોકવી, મહેંદી સ્પર્ધા, તોરણ બનાવા, રાખડી બનાવી, Hair Style કરવી, મેકઅપ કરવો, આ ઉપરાંત ૧ મિનિટ ગમે શો જેમાં ૧ મિનિટ માં સાડી પેરવી, ફુગ્ગા ફુલાવા, અનાજના દાણા છુટા પાડવા, ફેશન શો, હેન્ડ વોશ ડાન્સ વગેરે જેવી આનંદ દાયક પ્રવૃતીઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં બાળકો એ ખુબ જ હર્ષ સાથે ભાગ લઈને બાળમેળાને ખુબ જ ઉત્સાહી બનાવ્યો હતો અને આ પ્રકારે બાળમેળાને આનંદ પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.287

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા પ્રાન્ત અધિકારી દ્વારા ખોટા આધારો થી બનેલ

# બોગસ ખેડુતોની જમીન શ્રીસરકાર કરવાનો હુકમ કરતાં બોગસ ખેડુતોમાં ફફડાટ

ગોધરા,

પંચમહાલ જીલ્લાના કેટલાક ખેડુતો ખોટા પ્રમાણપત્રો આધારે બિનખેડુત માંથી ખેડુતો બની ખેતીની જમીન ધારણ કરતા હોવાની મળેલી રજુઆતો અન્વયે સ્વ. ઈસ્માઈલ અવજલ મેંદાના વારસો અબ્દુલ સત્તાર ઈસ્માઈલ મેદા વિગેરે કાયદેસરના ખેડુત ખાતેદાર છે કે કેમ તેની વિગતોની તપાસ કરી ગણોતધારાની કલમ ૭૦-એ હેઠળ પ્રાંત ગોધરા અધિકાર પરવત્વે ગ.ધા.કલમ૮૪ (ક) હેઠળ ગ.ધા.(ક) ૬૩ના ભંગ બદલ કાર્યવાહી કરવા પ્રાંત ગોધરાના જમનાવશી/૧૦૬૪/ ૨૦૨૦ તા.૨૯/૦૯/૨૦૨૨ તથા પત્ર જનમ/વશી/૧૯૩/૨૦૨૦ તા.૩૦/૦૯/૨૦૨૦ થી કૃષિપંચ અને મામલતદાર ગોધરાને જણાવેલ છે અને તે આધારે મામલતદાર ગોધરા એ સ્વ. ઈસ્માઈલ અવજલ મેદાના વારસો અબ્દુલ સત્તાર ઈસ્માઈલ મેદા વિગેરે રહે.ગુહ્યા મહોલ્લા, ગોધરા, જી. પંચમહાલ ગોધરા ધારણ કરેલ ખેતીની જમીન બાબતે તપાસ કરી તેવો હુકમ જમન/૮૪(ક) કેસ નં. ૦૩/૨૦૨૦ વશી/૨૪૮૯ થી ૨૪૯૯ તા.૩૦/૦૯/૨૦૨૧ના રોજ કોઈપણ જાતની તપાસ સરકારી પુરાવા જનમ મરણ દાખલા નહી લઈ મોટા પ્રમાણની લાંચ રૂશ્વત લઈ બિનખેડુતોને બોગસ ખેડુતો બનાવેલ છે અને જે કૃષિ પંચ મામલતદાર શહેર દ્વારા અબ્દુલ સત્તાર ઈસ્માઈલ મેંદા વિગેરેઓ ખેડુત બનાવી ગોધરા પ્રાંત અધિકારી અવલોકન અર્થે તા.૩૦/ ૦૯/૨૦૨૧ના રોજ મોકલી આપી પ્રાંત ગોધરા એન.બી.રાજપુત દ્વારા ખુબ જ ઝીણવટભરી તપાસ કરી જે તપાસ દરમિયાણ બોગસ ખેડુત બાબતની પેઢીનામાના આધારે બોગસ બનાવેલ વિગતોના આધારે બિનખેડુતો સમક્ષ પુરાવા રજુ કરવા જણાવેલ બાબતે પેઢીનામામાં નામ (અવજલ) અને (અફજલ) મેદા દ્વારા લાંબા સમય બાદ પેઢીનામાના આધારે બોગસ ખેડુત બનેલ ગોધરા પ્રાંત એન.બી.રાજપુત દ્વારા ગોધરા શહેર મામલતદાર કૃષિપંચ ચાલેલ કેસ નં.જમન/૮૪ (ક) કેસ નં.૩/ ૨૦૨૦/વશી/૨૪૮૯ થી ૨૪૯૯ તા.૩૦/૦૯૬/૨૦૨૧માં નોટરી અને.એમ.ડાહી રૂબરૂ રૂા.૧૦૦ અ.નં.૧૨૦૭-૧૮/૦૩/૨૦૨૨ રોજ કરેલ સોંગદનામાની નકલ રજુ કરેલ છે. જેની ખુબ ઝીણવટભરી વિગતો જોતાં "અફજલ ઈસા મેંદા" અને અવજલ ઈસા મેંદા બન્ને એક જ વ્યકિત હોવાનું જાહેર કરેલ છે. હાલના સામાવાળાઓએ સદર સોગંદનામું કેસમાં રજુ કરેલ નથી. સોગંદનામાની નકલ રજુ કરેલ છે. અને હાલના સામાવાળાઓએ સદર સોગંદનામું તેઓ સામે સદર પ્રકરણ ઉભું થયા બાદ કરેલ છે. જયારે સામાવાળાઓએ ધારણ કરેલ જમીનોની વિગતો જોતા સ.નં.૧૯૫૧ થી ઈબ્રાહીમ અવજલ મેંદા વિગેરે તરીકે કબજેદારમાં નામો ચાલુ રહેલ છે. અને મોજે ભામૈયા તાલુકા ગોધરા સ.નં. ૨૨૮/૧૧ વિગેરે વાળી જમીનોમાં વારસાઈ અને વહેંચણી અંગેની દાખલ થયેલ ફેરફાર નોંધોમાં પણ ઈબ્રાહીમ અવજલ મેદાના વિગેરે નામો દર્શાવેલ છે.

હાલના સામાવાળાઓ ખરેખર અવજલ મેદાના સીધી લીટીના વારસો છે કે નહી તે નકકી થઈ શકે તેમ નથી. વધુમાં જો હાલના સામાવાળાઓ જો ખરેખર અવજલ મેદાના વારસો હોત તો તેઓ દ્વારા ગુજરાત રાજ્ય ગેઝેટ (રાજપત્ર)માં પણ તેઓના વડવાનું નામ બદલાવેલ નથી. ગુજરાત રાજ્ય (રાજપત્ર)માં નામ બદલવાની સુચનાઓની વિગતો તેમાં જે અરજદારનું નામ બદલવાનું થાય છે. તે અંગેના પુરાવા રૂપે ઓળખપત્ર, પાનકાર્ડ, આધારકાર્ડ , ડ્રાયવીંગ લાયસન્સ, પાસપોર્ટ, રેશનીંગકાર્ડ, ટેલિફોન બીલ, લાઈટ બીલ વિગેરે પુરાવા રજુ કરવા જણાવેલ છે. હાલ સામાવાળાઓએ સમગ્ર કેસ દરમિયાન ઈબ્રાહીમ અવજલ મેદા વિગેરેના ઓના કોઈ પુરાવા રજુ કરેલ નથી. જેથી રેકર્ડ ઓફ રાઈટસની જોગવાઈઓ મુજબ પ્રથમ દ્રષ્ટિએ હાલના સામાવાળાઓ ભળતા નામ થી ખેડુત બનેલ હોવાનું જણાયેલ છે. જે કૃષિપંચ મામલતદાર ગોધરા હુકમ અમાન્ય રાખ્યું છે. તેવું ગોધરા પ્રાંત દ્વારા ખુબ જ મોટાપ્રમાણમાં ગોધરાના બિલ્ડરોની ઈસ્માઈલ અવજલ મેદા, અબ્દુલ સત્તાર ઈસ્માઈલ મેદા, યાકુબ ઈસ્માઈલ મેદાના તમામ વારસો બિનખેડુતો હોય સરકાર કરી પંચમહાલ જીલ્લા ગોધરા શહેરમાં પ્રાંત ગોધરા એ યોગ્ય સરકારમાં બોગસ ખેડુતો કરી સરકાર પંચમહાલ જીલ્લામાં તમામ ગામો સહી મિલ્કતો હોય તો સરકારની હેઠે તમામ મહેસુલી વિભાગોમાં નકલ રવાના કરેલ છે. આમ, જો કૃષિ પંચ મામલતદાર કેસ અર્ધ પ્રક્રિયા હોવા છતાં જે મિલ્કતો અબ્દુલ સત્તાર મેદા, યાકુબ મેદાના વારસો દ્વારા જે વેચાણ દસ્તાવેજો થયેલા હોય તે તમામ ગેરકાયદેસર અને કાયદા વિરૂદ્ધ કરેલ અંગેની તમામ મિલ્કતો ગોધરા સબ રજીસ્ટ્રેટ પાસે સર્ચ કરી કરાવી યોગ્ય મિલ્કતો પણ સરકાર કરશો. આમ, બોગસ ખેડુતો પંચમહાલ જીલ્લામાંથી અઢળક મળી આવે તેમ છે. જેથી આવા ભરતા નામો અંગે ગોધરા પ્રાંત અધિકારી જો બોગસ ખેડુતો બિનખેતી તપપાસ થાય તેવી લોક માંગો આ પ્રકરણ ઉભું થવાથી દલાલો, બિલ્ડરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ તમામ પ્રક્રિયા કાયદા અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના શુભ પગલાં પડવાથી સાચા પરિવર્તનો આવી રહ્યા છીએ. તેથી પંચમહાલ જીલ્લા, ગોધરા તાલુકા, ગોધરામાં આનંદની લાગણઓ નજરે દેખાઈ છે.

**પંચમહાલમાં ખોટા પ્રમાણપત્રોના આધારે બિનખેડુત માંથી ખેડુત બનીને ખેતીની ધારણ કરતાં હોવાની રજુઆતની તપાસ કરતા હોવાની રજુઆતની તપાસમાં સ્વ. યુસુફ ઈસ્માઈલ ધંતીયાના વારસો અબ્દુલ રહેમાન યુસુફ ધંતીયા વિગેરે કાયદેસરના ખેડુત છે કે નહી તેની તપાસમાં મામલતદારે હુકમો કરીને ગોધરા પ્રાંત અધિકારીને અવલોકન માટે કાગળો મોકલવામાં આવ્યા હતા. અબ્દુલ રહેમાન યુસુફ ધંતીયા વિગેરે દ્વારા રજુ કરેલ રેકર્ડની તપાસ કરતાં યુસુફ ઈસ્માઈલ ધંતીયાએ ગણોતધારા હેઠળ જમીન ગ્રાન્ટ થતા પહેલા ખેતીની જમીનના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી વેચાણ હકકે ધારણ કરેલ હોય જે નિયમોનુસાર જણાઈ ન હોવાથી પ્રાંત અધિકારી એન.બી.રાજપુત એ મામલતદારનો હુકમ અમાન્ય રાખીને સ્વ. યુસુફ ઈસ્માઈલ ધંતીયાના વારસો અબ્દુલ રહેમાન યુસુફ ધંતીયા વિગેરેની ખેતીની જમીન શ્રી સરકાર કરવાનો હુકમ કરવામાં આવ્યો.**

## ગોધરા LCB પોલીસે મધ્યપ્રદેશ ધારના કાકડવા ગામની ધાડ-લુંટ, વાહન ચોર ગેંગના ૩ ઈસમોને ઝડપી પાડયા

### ૧૩ ઈસમોને વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી



ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ધાર જીલ્લાના ધાડ-લુંટ, ઘરફોડ ચોરી અને વાહન ચોરીના ગુના કરતાં ઈસમો બોલેરો પીકઅપ ડાલામાં બેસી દાહોદ થી ગોધરા તરફ આવી રહ્યા છે. તેવી બાતમીના આધારે ગઢ ચુંદડી ગામે નાકાબંધી કરી ત્રણ ઈસમોને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી. પી.આઈ.ને બાતમી મળી હતી કે, ગુજરાત રાજ્યમાં ધાડ-લુંટ, ઘરફોડ, ચોરી અને વાહન ચોરી કરી સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં આતંક મચાવનાર મધ્યપ્રદેશ ધાર જીલ્લાના કાકડવાની ગેંગના ત્રણ ઈસમો બોલેરો પીકઅપમાં બેસીને દાહોદ થી ગોધરા તરફ આવી રહ્યા છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે ગઢ ચુંદડી ગામ પાસે નાકાબંધી કરી હતી અને બાતમીવાળા વાહન માંથી મુકેશ કેકુભાઈ અલાવા રહે. કાકડવા તા.ડુસી, એમ.પી., મગરસીંગ ઠાકુરસીંગ અજનાર- કાકડવા, પ્યારસીંગ ઉર્ફે પ્રેમસીંગ જાલમસીંગ અલાવા રહે. કાકડવા જે ઝડપી પાડવામાં આવ્યા. પકડાયેલ ઈસમો પાસે પીકઅપ ડાલા માંથી ઘરફોડ ચોરીના મુદ્દામાલમાં સોનાની ચેઈન, સોનાની બુટ્ટી-૧, સોનાની વીંટી નંગ-૨, ચાંદીના સિકકા નંગ-૧૨, ચાંદીની ડીશ-૧, ચાંદીની ગણપતિની મૂર્તિ, ચાંદીના ચોસલા-૧, લેપટોપ, રોકડા રૂા.૧૭૪૦/-, મોબાઈલ ફોન મળી રૂપીયા ૪,૬૧,૨૨૭/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો અને પંચમહાલ એલ.સી.બી. પોલીસે પંચમહાલ, ગાંધીનગર, રાજકોટ, અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, કચ્છ, ખેડા, ભરૂચ, મોરબી જીલ્લાના અનડિકેટ ગુનાઓ ડિટેકટ કરવામાં આવ્યા.

## ગોધરા ખાતે કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો



ગોધરા,

દીનદયાળ અંત્યોદય યોજના અને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત ગુજરાત લાઈવ હુડ પ્રમોશન કંપની લી. દ્વારા ગોધરા સદાબા ફેડરેશન હોલ ખાતે કેશ ક્રેડીટ ધિરાણ કેમ્પ યોજાયો હતો. જેમાં જિલ્લા વિકાસ અધીકારી અર્જુનસિંહ રાઠોડ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લાના ૧૦ સ્વ સહાય જૂથ સખીમંડળની બહેનોને રૂ.૨૮ લાખની સહાયના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા તથા ૫૦ સ્વસહાય જૂથ સખીમંડળની બહેનોને રૂ.૫૨ લાખના કેશ ક્રેડીટ મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય કરીને પુસ્તક અને પુષ્પગુચ્છ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્વસહાય જુથની મહિલાઓ સ્વાવલંબી બને, આજીવિકામાં વધુ સુધારો આવે અને ગરીબીમાંથી બહાર આવે એ હેતુથી 'રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન યોજના'ની શરૂઆત કરવામાં આવી છે. ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની મહિલાઓને સ્વસહાય જુથોમાં સંગઠીત કરી તેઓને બચત તથા બેંકો સાથે જોડી વધુ ધિરાણ આપી એક સુવ્યવસ્થત પ્રક્રિયા દ્વારા કૌશલ્યવર્ધન તાલીમ અને માર્કેટીંગ સાથે જોડાણ કરી સખી મંડળની બહેનોને આર્થિક રીતે પગભર કરવા રૂ.૧ લાખથી ૧૦ લાખ સુધીની કેશ ક્રેડિટ આપવામાં આવે છે.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસના નિયામક એસ.ટી.તબિયારે જણાવ્યું હતું કે જિલ્લાની બહેનોને પગભર કરવા સરકાર દ્વારા વિવિધ યોજનાઓ ચાલે છે તથા તેમને નાણાકીય મદદ પહોચે તે જરૂરી છે.આ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સતત પ્રયત્નશીલ છે. મિશન મંગલમ સ્વ સહાય જુથોને બેંકમા કોઈપણ પ્રકારની મુશ્કેલી ના પડે તે માટે બેંકસખી બહેનો દ્વારા મદદ લેવા આહવાન કર્યું હતું. અહીં નોધનીય છે કે પંચમહાલ જિલ્લામાં અત્યારસુધી ૮૯૦૦ સખીમંડળોની રચના કરવામાં આવી છે જેમાં ૮૮૯૭૭ મહિલાઓ જોડાયેલ છે.

આજના આ પ્રસંગે જિલ્લા પંચાયત દંડક અરવિંદસિંહ પરમાર, જિલ્લા પંચાયતના સભ્યઓ, તાલુકા પંચાયત પ્રમુખઓ અને સભ્યઓ, તાલુકા વિકાસ અધીકારી તથા મોટી સંખ્યામાં લાભાર્થી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### સન ફાર્માએ હાલોલ ટીંબી ગામે

## વડોદરા એજ્યુકેશન ટ્રસ્ટના સહયોગથી પ્લાસ્ટિકનો મર્યાદિત ઉપયોગ વિશે જાગૃતિ અને પ્લાસ્ટિક રિસાયકિંલગ માટે પ્રોજેક્ટ કર્તવ્ય શરૂ કર્યો



હાલોલ,

હાલોલ તાલુકાના ગામોમાં કોર્પોરેટ સામાજિક જવાબદારીના ભાગરૂપે સન ફાર્મા કંપનીએ શિક્ષણ આરોગ્ય, ગ્રામીણ વિકાસ, પર્યાવરણને લગતા વિકાસ કાર્યો કરી રહી છે. લોકોને પ્લાસ્ટિકના મર્યાદિત ઉપયોગ વિશે જાગૃત કરવા માટે સન ફાર્માએ પ્રોજેક્ટ "કર્તવ્ય-ઈકો-ફ્રેન્ડલી પહેલ" શરૂ કર્યો છે. આ કાર્યક્રમ હાલોલ બ્લોકના ૧૧ ગામોમાં આખું વર્ષ ચાલશે. આ પ્રોજેક્ટ હેઠળ પ્લાસ્ટિક એકત્ર કરીને રિસાયકલ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ગામડાઓમાંથી પ્લાસ્ટિકનો કચરો ઘટાડશે અને લોકોને આપણા પર્યાવરણ પર પ્લાસ્ટિકની અસર વિશે પણ જાગૃત કરશે. આ પ્રોજેક્ટ એન.જી.ઓ. પાર્ટનર "વડોદરા એજ્યુકેશન ટ્રસ્ટ"ની મદદથી અમલમાં મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત ટીંબી, અભેટવા, જેપુરા, તરખંડા, ઈંટવાડી, વિઠ્ઠલપુરા, ચાંપાનેર, તલાવડી, કડાચલા, રાવલીયા અને વિંટોજ ગામોની સરકારી પ્રાથમિક શાળાઓ સક્રિય ભાગીદાર બનશે અને બાળકોને ઈકો ચેમ્પિયન બનાવવામાં આવશે. તેવું જણાવેલ આ પ્રસંગે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમાર, પંચમહાલ જીલ્લાના જીપીસીબી આરઓ જે.એમ. મહિડા, તાલુકા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ ચાવડા, ટીંબીના સરપંચ અને ભાજપ પંચમહાલના મંત્રી અરવિંદસિંહજી પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સન ફાર્મા કંપની તરફથી બ્રજેશ ચૌધરી ભદ્રેશ પટેલ, હેતલ પાઠક અને પ્રતિક પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. "વડોદરા એજ્યુકેશન ટ્રસ્ટ"ના મનીષ કોઠારી અને નિહાર અગ્રવાલ સહિત મહાનુભાવો હાલોલ ટીંબી ગામે હાજર હતા.

## કોંગ્રેસ ના નેતા દ્વારા રાષ્ટ્રપતી માટે અપમાન જનક શબ્દોનો પ્રયોગ કરતા ઘોઘંબા ભાજપે વિરોધ દર્શાવ્યો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા ભાજપ દ્વારા આજરોજ APMC ખાતે રાષ્ટ્રપતી દ્રૌપદી મૂર્મુર વિરૂદ્ધ કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરી દ્વારા અભદ્ર ભાષાનો ઉપયોગ કરી અપમાન કરતા ઘોઘંબા ભાજપના કાર્યકરો દ્વારા સૂત્રોચાર સાથે વિરોધ દર્શાવી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરાઈ હતી.

## આગામી બે મહિના સુધી પંચમહાલ જિલ્લામાં ડ્રોન, ક્વાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટના ઉપયોગ ઉપર પ્રતિબંધ

ગોધરા,


પંચમહાલ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર સુરક્ષા,સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને દયાનમાં રાખતા તારીખ ૨૫ જુલાઈથી તારીખ ૨૫ સપ્ટેમ્બર સુધી બે મહિનાના સમયગાળા માટે અત્રેના પંચમહાલ જિલ્લાના હદ વિસ્તારમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન, ક્વાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. પંચમહાલ જિલ્લાના ગ્રીન ઝોન હેઠળ આવતા હદ વિસ્તારમાં ઉકત પ્રતિબંધિત ઉપકરણોનો વ્યવસાયિક ઉપયોગ કરનારે તેઓ પાસે રાખેલ ઉપકરણોની સંપૂર્ણ માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે અને યથા પ્રસંગે પોલીસ અધિક્ષક પંચમહાલ ગોધરાની કચેરી ખાતેથી મંજૂરી મેળવવાની રહેશે. આ હુકમનો કે કોઈપણ ખંડ કે ભાગનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોસ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ સામે ઈ.પી.કો કલમ-૧૮૮ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવેલ છે તેવું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરા તાલુકામાં શ્રાવણ માસનો પ્રારંભ થતાં શિવાલયો હર હર મહાદેવના નાંદથી ગુંજી ઉઠ્યા હતા. જયારે મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે સવારથી જ મહાદેવના ભકતો પૂજા અર્ચન માટે ઉમટી આવ્યા હતા. સ્વયંભૂ શિવલિંગ પર જળ અભિષેક કરવા સાથે બિલી પત્ર ચડાવીને ભકતોએ ધન્યતા અનુભવી હતી.**

## જાંબુઘોડા ખાખરીયા ગામે ખેતરોમાં ઝાડ ઉપર પુરૂષના મૃતદેહ મળી આવ્યો



જાંબુઘોડા,

જાંબુઘોડા તાલુકાના ખાખરીયા ગામના ખેતરોની બાજુમાં આવેલા ખરાબામાં એક ઝાડ ઉપર કોઈ માણસની લાસ લટકતી હોવાની જાંબુઘોડા પોલીસને જાણ થતા જાંબુઘોડા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી. ઝાડ ઉપર લટકતી લાશ જાંબુઘોડા પોલીસે ઝાડ ઉપર થી ઉતારતા ફાંસો ખાનાર માણસે આછા ભૂરા કલરનું પેન્ટ અને લાલ કલરનું શર્ટ પહેરેલું હતું. જયારે લાશની હાલત ખુબ જ ખરાબ હાલતમાં હોવાથી જાંબુઘોડા પોલીસે લાશને પી.એમ. કરાવી લાશની દફન વિધિ કરવામાં આવી હતી. પોલીસને લાશના કોઈ વાલી વારસ મળી ન આવતા જાંબુઘોડા પોલીસે મૃતકના ડી.એન.એ. સેમ્પલ લીધા હોવાનું જાણવા મળ્યું છે. જયારે કોઈ આ લાશના વાલી વારસો મળશે તો ડી.એન.એ.ના માદયમ થી નક્કી કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

## પંચમહાલ જિલ્લામાં 'હર ઘર તિરંગા' કાર્યક્રમને રાષ્ટ્ર પ્રેમનું જન આંદોલન બનાવવા નાગરિકોને જિલ્લા કલેકટરનો અનુરોધ

ગોધરા,

સમગ્ર દેશમાં આઝાદીના ૭૫મા વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આગામી તા. ૧૩ થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન સમગ્ર દેશમાં હર ઘર ત્રિરંગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે પંચમહાલ જિલ્લામાં પણ હર ઘર ત્રિરંગા કાર્યક્રમના માદયમથી દેશનું ગૌરવ-દેશનું અભિમાન-ત્રિરંગો હર ઘરની શાન બને તે માટે જિલ્લા કલેકટર સુજલ મયાત્રાએ જિલ્લાના નાગરિકોને પોતાના ઘર-મકાનો પર તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાષ્ટ્રધ્વજને લહેરાવીને રાષ્ટ્ર ભાવનાને વધુ પ્રબળ બનાવવાની અપીલ કરી છે.

જિલ્લામાં આગામી તા.૧૩ થી તા.૧૫ ઓગસ્ટ-૨૦૨૨ દરમિયાન આઝાદીના અમૃત્ત મહોત્સવ અંતર્ગત યોજાઈ રહેલા હર ઘર તિરંગા કાર્યક્રમ દરમિયાન નાગરિકોને રાષ્ટ્ર ભક્તિના આંદોલનમાં સહભાગી થવા અને દેશ પ્રત્યેના પ્રેમ અને ભાવને વ્યકત કરવાના હેતુથી રાષ્ટ્રભકિતના યજ્ઞમાં આહૂતિ આપવા દરેક વ્યક્તિ પોતાના ઘર પર, સંસ્થાઓ પર, વ્યાવસાયિક પ્રતિષ્ઠાનો, કચેરીઓ પર તિરંગો લહેરાવવા જિલ્લા કલેકટર સુજલ મયાત્રા દ્વારા અપીલ કરવામાં આવી છે.

જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના તમામ ઘરો સહિત, દુકાનો, ઉદ્યોગ, વેપારીઓ, વાણિજિયક સંસ્થાઓ, સરકારી અને અર્ધસરકારી કચેરીઓ, ખાનગી કચેરીઓ, આંગણવાડી, શાળાઓ, કોલેજો, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ સહિત તમામ જગ્યાએ રાષ્ટ્રદ્વજ લહેરાવીને નાગરિકોમાં અને ખાસ કરીને આજની યુવા પેઢી રાષ્ટ્રની આઝાદીની ચળવળથી વાકેફ થાય અને તેમનામાં વધુ દેશદાઝની ભાવના વધુ પ્રબળ બને તે માટેના કાર્યમાં સહયોગી બનવા પણ જિલ્લા કલેકટર સુજલ મયાત્રા અનુરોધ કર્યો છે.

કલેકટરએ વધુમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા કાર્યક્રમ દરમિયાન જિલ્લાનું એકપણ મકાન તિરંગો લહેરાવ્યા વગર ન રહે તે જોવાનું આહવાન કરી જિલ્લાના નાગરિકોને આ કાર્યક્રમમાં રાષ્ટ્રભકિતના રંગે રંગાઈ જવાની સાથે આ કાર્યક્રમને રાષ્ટ્ર ભાવનાનું જનઆંદોલન બનાવવા જણાવ્યું છે. જિલ્લા કલેક્ટરએ આ કાર્યક્રમના આયોજન માટે રાષ્ટ્રદ્વજ નાગરિકોને સરળતાથી મળી રહે તે માટે વેચાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી હોવાનું તેમજ નાગરિકો આ રાષ્ટ્રદ્વજને તા.૧૫મી ઓગસ્ટની સાંજ સુધી લહેરાવી શકશે તેમ જણાવી રાષ્ટ્રદ્વજ લહેરાવવા માટે રાષ્ટ્રદ્વજ સંહિતાનું પાલન કરવાની પણ અપીલ કરી છે.